# હેલ્પલાઈન: ૧૦૪

**COVID-19 અખબારી યાદી ક્રમાંક: ૧૪૨**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ગાંધીનગર.

ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૧૮ ઈ-મેલ: ssoidsp@gmail.com

**તા.૨૯.૦૫.૨૦૨૦**

★★★★★

## ગુજરાતમાં આજે કોરોનાના નવા દર્દીઓ કરતાં સાજા થઈને ગયેલા દર્દીઓની સંખ્યા ઘણી વધારે

## આજે ૩૭૨ નવા દર્દીઓ સામે ૬૦૮ સાજા થઈને ઘેર ગયા

## રાજ્યમાં આજ સુધીમાં ૨,૦૧,૪૮૧ વ્યક્તિઓના ટેસ્ટ કરાયા

★★★★★

ગુજરાતમાં આજે કોવિડ-19ના ૩૭૨ નવા દર્દીઓ નોંધાયા છે, તેની સામે આજે એક જ દિવસમાં લગભગ બમણા એટલે કે ૬૦૮ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. આમ આજે નવા દર્દીઓ કરતાં સાજા થઈને ગયેલા દર્દીઓની સંખ્યા ખૂબ પ્રોત્સાહક અને નોંધપાત્ર છે. અમદાવાદમાં આજે નવા ૨૫૩ કેસ નોંધાયા છે, તેની સામે આજે **અમદાવાદમાં સૌથી વધુ ૪૬૮** દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. આ સાથે રાજ્યમાં ગુણવત્તાસભર અને સારી સારવારના પરિણામે **કુલ ૮,૬૦૯ દર્દીઓ સાજા** થઈને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા છે.

રાજ્યની જુદીજુદી હોસ્પિટલોમાં આવતા દર્દીઓ ઉપરાંત ICMR ની ગાઈડલાઈન પ્રમાણે જિલ્લાઓમાં કુલ **૨,૦૧,૪૮૧ ટેસ્ટ** કરવામાં આવ્યા છે. અમદાવાદ શહેરમાં અત્યાર સુધીમાં ૯૪૧૪.૬૫ ટેસ્ટ પ્રતિ મીલીયન કરવામાં આવ્યા છે. ગુજરાતમાં ૩૧ લેબોરેટરીઓમાં કોરોનાના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, જે પૈકી ૧૯ લેબોરેટરી સરકારી છે જ્યારે ૧૨ પ્રાઇવેટ લેબોરેટરીમાં પણ કોરોનાના પરીક્ષણ કરવામાં આવી રહ્યા છે.

આજે રાજ્યમાં ૨૦ વ્યક્તિઓના કોરોનાને કારણે દુ:ખદ નિધન થયાં છે. આજે અમદાવાદમાં ૧૮ અને સુરતમાં ૨ વ્યક્તિઓનાં મૃત્યુ નિપજયાં છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૯૮૦ મૃત્યુ નોંધાયા છે.

રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૨,૭૨,૪૦૯ વ્યક્તિઓને ક્વૉરેન્ટાઈન કરવામાં આવ્યા છે જે પૈકી ૨,૬૪,૩૧૨ વ્યક્તિઓ હોમ ક્વૉરેન્ટાઈન છે અને ૮,૦૯૭ વ્યક્તિઓને ફેસીલીટી ક્વૉરેન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે.

★★★★★

**આજ રોજ રાજ્યમાં કુલ-૬૦૮ દર્દીઓ સાજા થઈને ઘરે ગયેલ છે.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **અમદાવાદ** | **૪૬૮** | **સુરત** | **૩૫** | **કચ્છ** | **૧૮** | **વડોદરા** | **૧૮** |
| **ગાંધીનગર** | **૧૨** | **મહેસાણા** | **૧૦** | **અરવલ્લી** | **૦૯** | **સાબરકાંઠા** | **૦૮** |
| **ભરૂચ** | **૦૫** | **દાહોદ** | **૦૪** | **ગીર-સોમનાથ** | **૦૪** | **પાટણ** | **૦૪** |
| **બનાસકાંઠા** | **૦૩** | **નવસારી** | **૦૩** | **ખેડા** | **૦૨** | **પંચમહાલ** | **૦૨** |
| **આણંદ** | **૦૧** | **છોટાઉદેપુર** | **૦૧** | **રાજકોટ** | **૦૧** | | |

## આજ રોજ રાજ્યમાં ૩૭૨ નવા કેસ નોંધાયેલ છે

| જીલ્લો | કેસ |
|---|---|
| અમદાવાદ | ૨૫૩ |
| સુરત | ૪૫ |
| વડોદરા | ૩૪ |
| ગાંધીનગર | ૮ |
| મહેસાણા | ૭ |
| છોટા ઉદેપુર | ૭ |
| કચ્છ | ૪ |
| નવસારી | ૨ |
| બનાસકાંઠા | ૧ |
| રાજકોટ | ૧ |
| અરવલ્લી | ૧ |
| પંચમહાલ | ૧ |
| મહીસાગર | ૧ |
| ખેડા | ૧ |
| ભરૂચ | ૧ |
| સાબરકાંઠા | ૧ |
| વલસાડ | ૧ |
| જુનાગઢ | ૧ |
| સુરેન્દ્રનગર | ૧ |
| અન્ય રાજ્ય | ૧ |
| કુલ | ૩૭૨ |

## રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગત નીચે મુજબ છે.

| એક્ટીવ કેસ | | | ડીસ્ચાર્જ | મૃત્યુ |
|---|---|---|---|---|
| કુલ | વેન્ટીલેટર | સ્ટેબલ | | |
| ૬૩૫૫ | ૬૮ | ૬૨૮૭ | ૮૬૦૯ | ૯૮૦ |